# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં.

તા : ૬/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનું સન્માન કરાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે રવિવાર, તા. ૪ જુલાઈ, ૨૦૨૧ના રોજ 'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ડે નિમિત્તે' સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્લેટીનમ હોલમાં દક્ષિણ ગુજરાતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં ૧૦૦ ટકા એક્સપોર્ટ ઓરિએન્ટેડ બિઝનેસ થાય છે. વેપારીઓ કે ઉદ્યોગકારોના એકાઉન્ટને વ્યવસ્થિત મેઈન્ટેન રાખવામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની મહત્વની ભૂમિકા રહે છે. જેના થકી વેપારીઓ કે ઉદ્યોગકારો સરકારની વિવિધ સ્કીમોનો લાભ લઇ શકે છે અને બિઝનેસને આગળ ધપાવી શકે છે. દક્ષિણ ગુજરાતની ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનો ખૂબ જ મહત્વનો ફાળો રહયો છે. તેમના માર્ગદર્શન હેઠળ ઇન્ડસ્ટ્રીએ ઘણી પ્રગતિ કરી છે.

સીએ જય છૈરાએ કહયું હતું કે, કોમર્શિયલ સિટીમાંથી સ્માર્ટ સિટી બનેલા સુરત શહેરના ગ્રોથ એન્જીન માટે જો કોઇ જવાબદાર હોય તો એ ચેમ્બર અને સીએ એસોસીએશન જ હોઇ શકે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માત્ર ટેક્સ અને ઓડિટમાં જ નહી પણ વેલ્યુએશન, ઇનસોલ્વન્સી, પ્રોજેક્ટ ફાયનાન્સિંગ અને હવે તો સાયબર સિક્યુરિટીમાં મહત્વનું કામ કરે છે. ચેમ્બર અને સીએ એસોસીએશન સુરત શહેરને ઘણું આગળ લઇ શકે છે.

રૂપીન પચ્ચીગરે કહયું હતું કે રિટર્ન ભરવું હોય, ઓડિટ કરવું હોય અને આર્થિક રીતે નવી પ્રવૃત્તિ કરવી હોય ત્યારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને શોધવામાં આવે છે. આથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એ સુખના સાથી છે. સીએ હિરેન વેપારીએ જણાવ્યું હતું કે ભૂતકાળમાં કયારેય આ રીતનો કાર્યક્રમ થયો નથી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના સન્માન

માટે ચેમ્બરનો આભાર માન્યો હતો. મિનાઝ અમલસાડીવાલાએ નવા સીએ મિત્રોને સુરત શહેરના ડેવલપમેન્ટ માટે પોતાનું પ્રોફેશનલ યોગદાન આપવા માટે હાંકલ કરી હતી.

આ સન્માન સમારોહમાં ચેમ્બર દ્વારા સ્વર્ગીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રવિન્દ્ર વેપારી, અશ્વિન સંઘવી અને વાય.બી. દેસાઇને મરણોત્તર એવોર્ડ આપવામાં આવ્યા હતા. તેમના વતિ તેમના પુત્રો હિરેન વેપારી, અમિષ અને કેયુર સંઘવી તથા મયંક દેસાઇએ એવોર્ડ સ્વીકાર્યા હતા. હિરેન વેપારી, અમિષ સંઘવી, કેયુર સંઘવી અને મયંક દેસાઇને પણ એવોર્ડ આપવામાં આવ્યા હતા.

પિતા અને પુત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય એવા પી.એમ. શાહ અને તેમના પુત્ર હાર્દિક શાહ, સી.એસ. જરીવાલા અને તેમના પુત્ર અનુજ જરીવાલા, ધીરજલાલ તમાકુવાલા અને તેમના પુત્ર ધર્મેશ તમાકુવાલા, રસેષ શાહ અને તેમના પુત્ર મેહુલ શાહ, રૂપીન પચ્ચીગર અને તેમના પુત્ર અનુજ પચ્ચીગર, સુરેશ ગાંધી અને તેમના પુત્ર તેજસ ગાંધી, મિતીશ મોદી અને તેમના પુત્ર અક્ષય મોદી, ઓનઅલી સાહેરવાલા અને તેમના પુત્ર ઇસ્માઇલ સાહેરવાલા તથા હિરેન દિવાન અને તેમના પુત્ર વિરેજ દિવાન અને પુત્રીને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

મહિલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટમાં મિનાઝ અમલસાડીવાલા, અલ્પા ક્રિસ્ટી, પારૂલ રૂદલાલ, હેમા મહેતા અને અવની દેસાઇને એવોર્ડ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ભાઇ અને બહેન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય એવા હિતેન્દ્ર મોદી અને તિનીશ મોદીને એવોર્ડ આપીને સન્માનિત કરાયા હતા.

સુરતના જાણીતા સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટમાં આઇ.જે. દેસાઇને એવોર્ડ આપવામાં આવ્યો હતો. જ્યારે સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટમાં રમેશ માલપાની, વિનોદ ગોયલ, સુરેશ કાબરા, યતિશ પારેખ, રાજેશ દેસાઇ, સંજય કાપડિયા, પ્રદીપ સિંઘી, બકુલ શાહ, બી.કે. રાઠી, પંકજ કર્ણાવત, હરિવદન રાણા, વિરેશ રૂદલાલ અને કેયુર મહેતાને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જીએસટી પ્રેકટીશનર્સમાં સૌરીન શાહ અને અવિનાશ પોદ્દાર, ઇન્કમ ટેકસ પ્રેકટીશનર્સમાં ડેનિશ ચોકસી, સ્વપ્નેશ શેઠ અને પ્રજ્ઞેશ જગાશેઠને એવોર્ડ આપવામાં આવ્યા હતા. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓની કારકિર્દી બનાવવામાં મહત્વનું યોગદાન આપનારા જય છૈરા, રવિ છાવછરીયાનું પણ સન્માન કરાયું હતું. તદુપરાંત મહત્વની અચિવમેન્ટ મેળવનારા ગૌરવ સિંઘવી, સંજીવ તમાકુવાલા, વિનોદ દેસાઇ, બાલકિશન અગ્રવાલ અને નિરવ જોગાણીને પણ એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સીએ મુકેશ બોથરા, સુશિલ બાંઠીયા અને નિરવ દેસાઇનું સન્માન કરાયું હતું.

દક્ષિણ ગુજરાતમાં સર્વિસ ક્ષેત્ર, પ્રાઈવેટ પ્રેકટીસ ક્ષેત્ર, ગવર્નમેન્ટ, સેમી ગવર્નમેન્ટ, ચેરીટેબલ ટ્રસ્ટ, રિટાયર્ડ, સ્પોર્ટ્સ, સામાજિક કાર્ય, સ્પોર્ટ્સ, અનોખી સિધ્ધિ, વેપાર કે તે સિવાયના ફિલ્ડ સાથે સંકળાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને ચેમ્બરના આ વિશિષ્ટ કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સન્માન સમારોહનું સમગ્ર સંચાલન ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ મયંક દેસાઇ અને પ્રજ્ઞેશ જગાશેઠે કર્યું હતું. સમારોહના અંતે ચેમ્બરના ઇલેકટ વાઇસ પ્રેસિડેન્ટ ઇલેકટ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યું હતું.